દાખલ તારીખ : ૦૭/૦૮/૨૩
રજી.કર્યા તારીખ : ૦૭/૦૮/૨૩
નિકાલ તારીખ : ૦૯/૦૯/૨૩
**સમય : વર્ષ –માસ–દિવસ**

---

**ગોધરાની શ્રમ અદાલતના પ્રમુખ અધિકારીશ્રી એચ.એ.મકા સાહેબ સમક્ષ.મું.ગોધરા**

---

**રેફરન્સ (ટી) નં.૪૬૮/૨૦૨૩**
**આંક – ૦૬**

**પ્રથમ પક્ષકાર : –** ૧. એસ.સુબ્રહમણ્યમ એન્ડ કુ.
મુ.ખરસાલીયા,પો.વેજલપુર,
તા.કાલોલ,જી.પંચમહાલ.
૨. મિ.રામામુર્તિશંકર
૨૦,સી.વી.રામન રોડ,શ્રી લબ્ધિ કોલોની,
શ્રીરામ કોલોની,અલવારપ્રીત,
ચેન્નઈ,તમિલનાડુ–૬૦૦૦૧૮

**– :: વિરુધ્ધ :: –**

**બીજા પક્ષકાર : –** શ્રી નરવતસિંહ બચુસિંહ સોલંકી
મુ.ખરસાલીયા,તા.કાલોલ,જી.પંચમહાલ.

**પ્રતિનિધિત્વ :–**

પ્રથમ પક્ષકારો તરફે :– જાતે હાજર.
બીજા પક્ષકાર તરફે :– જાતે હાજર.

---

**વિષય : – ઔદ્યોગિક વિવાદ ધારા ૧૯૪૭ ની કલમ–૧૦(૧)હેઠળ ન્યાયનિર્ણય કરવા બાબત**

---

**– :: એવોર્ડ ::–**

(૧) મદદનીશ શ્રમ આયુકતશ્રી ગોધરાએ તેમના તા.૦૧/૦૮/૨૦૨૩ ના હુકમ નં. કે. એચ. એસ. એચ.એમ. સી/એ/૮૧૨૯ થી સદરહુ રેફરન્સ ન્યાય નિર્ણય અર્થે સુપરત કરેલ છે જેની અનુસુચિ નીચે મુજબ છે.

**–:: અનુસુચિ ::–**

શ્રી **સોલંકી નરવતસિંહ બચુસિંહ**ને તેની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ?

(૨) સદર રેફરન્સ કોર્ટમાં આવ્યા બાદ કેસ ચાલતા દરમ્યાન આ કામના બીજા પક્ષકાર દ્વારા હાજર રહીને પુરસીસ રજુ કરેલ છે જેમાં તેઓ દવારા તેઓને પ્રથમ પક્ષકાર સંસ્થા દવારા નોકરીમાં પુન:સ્થાપિત કરેલ હોઈ તેઓ હાલનો રેફરન્સ આગળ ચલાવવા માંગતા ન હોઈ સ્વૈચ્છાએ પરત ખેંચવા માંગતા હોવાની હકીકત જણાવેલ છે જે પુરસીસની વિગતો તેઓને વાંચી સમજાવતા તે ખરી હોવાનો તેમજ તેઓ દવારા આ પુરસીસ રાજીખુશીથી સ્વૈરછાએ આપેલ હોવાનું જાહેર કરેલ છે,આમ આ પુરીસીસ ધ્યાને લેતા આ કામના બીજા પક્ષકાર દવારા હાલનો કેસ નોકરીમાં પુન:સ્થાપિત થવા માટે કરેલ હોય અને તેઓની પુરસીસ મુજબ તેઓને પ્રથમ પક્ષકાર દવારા નોકરીમાં પુન:સ્થાપિત કરી દેવામાં આવેલ હોય સદર પુરસીસને આધારે હાલનો રેફરન્સ આગળ ચલાવવાનો રહેતો ના હોય ન્યાયના હીતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**– :: હુકમ :: –**

(૧) આ કામના બીજા પક્ષકાર દવારા રજુ કરવામાં આવેલ પુરસીસને આધારે હાલનો રેફરન્સ લોક અદાલતમાં વિડ્રોથી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) હાલનો એવોર્ડ મદદનીશ શ્રમ આયુકતશ્રી,ગોધરાને પ્રસિધ્ધી માટે મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) મદદનીશ શ્રમ આયુકતશ્રી,ગોધરા તરફથી એવોર્ડની નકલ પ્રસિધ્ધ થઈને આવેથી અધિક્ષકશ્રી,લેબર કોર્ટ ગોધરાને તાત્કાલીક નકલ આપવા બાબતે મજુર અદાલત(પધ્ધતિ અને કાર્યરીતી) નિયમો.૧૯૪૭ના નિયમ.૩૨ ની જોગવાઈ અનુંસારની કાર્યવાહી કરવાનો હુકમ કરવામાં આવે છે.

**સ્થળ : ગોધરા**
**તા.૦૯/૦૯/૨૦૨૩**

**(હીતેશકુમાર અમરભાઈ મકા )**
**પ્રમુખ અધિકારી**
**મજુર અદાલત,ગોધરા.**
**GJ01459**